ગાંધીનગર સમાચાર





સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*'ઓગણીસ'ની તૈયારીમાં એ નવું ઘેટું પાઢશે,*
*સ્વાર્થ સારું સાચા હકદારનું એ માથું વાઢશે !*
*ચઢસે ગાદીએ જે મઢને જાતિ-ધર્મની છબિ -*
*ને ફરી કોથળામાંથીએ નવું બિલાડું કાઢશે !*

### હાઈકુ

*ખૂલશે પત્તા,*
*ને સ્વાર્થની હાથણી -*
*રેડસે કુંભ !*

*મળી રહેશે,*
*બધી રીતે લાયક*
*રોબોટમેન...*

### ચિંતન

*અન્યક્તા એવ યેડ્ન્તસ્તુ સ્ફુટા એવ ચ યે બહિઃ ।*
*કલ્પિતા એવ તે સર્વે વિશેષસ્તિવન્દ્રિયાન્તરે ॥*

ઉપરોક્ત શ્લોક માંડુક્યોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

જે આંતરિક પદાર્થો છે તે અવ્યક્ત જ છે, અને જે બાહ્ય છે તે સ્પષ્ટ પ્રતિત થાય એવા છે - પરંતુ છે તો સર્વ કલ્પિત જ. એમની વિશેષતા તો કેવળ ઈન્દ્રિયોના ભેદમાં છે.

પૂર્વપક્ષ એવી દલીલ કરે કે ચિત્ત - કલ્પિત સ્વાપ્રિક પદાર્થો આંતરિક છે. જયારે જાગ્રત પદાર્થો બાહ્ય જગતના કહેવાય - તેથી એ બંનેના તફાવત છે : એકનું વિશ્વ અવ્યક્ત કે અસ્ફુટ છે, જયારે અન્યનું વિશ્વ વ્યક્ત. આથી બાહ્ય જગતના વ્યક્ત પદાર્થોને, કાલ્પનિક અવ્યક્ત પદાર્થો કરતાં વધારે સાચા/સત્ય માનવા જોઈએ.

આ વ્યક્ત અને અવ્યક્તનો ભેદ જે આપણે પ્રતિત કરીએ છીએ, તેની પાછળનું કારણ ઈન્દ્રિય ભેદ છે.

### સુવિચાર

- પૂનમ આવે છે, અને બીજા જ દિવસથી ચંદ્રની પડતી ચાલુ થાય છે - **રત્નસુંદરવિજયજી મહારાજ**
- બીજાઓનો અહંકાર આપણને અસહ્ય લાગે છે, કારણ કે તે આપણા અહંકારને ઠેસ મારે છે - **લારેશફૂકા**
- જ્ઞાન તો શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરી શકાય,
  પરંતુ બુદ્ધિ તો કડવા અનુભવોમાંથી જ ઉત્પન્ન થાય છે - **અનુભવ સૂત્ર**
- અહિંસા એટલે બીજાના જીવન પ્રતિ તેમના વ્યક્તિત્વ પ્રત્યે આદર - **કાકાસાહેબ કાલેલકર**
- જયારે બોજો પ્રસન્નતાપૂર્વક ઉઠાવાય ત્યારે તે હલકો લાગે છે - **જનકલ્યાણ**
- સ્મૃતિ વૃદ્ધ સારી, આથા યુવાન સારી - **ડાઉન લાર્સન**
- આજનું ઔષધ : વીંછીના કરડવા ઉપર કેરોસીનમાં ફટકડીનો ભૂકો નાખી ચોપડવાથી પીડા મટે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

જનકરાજાએ અષ્ટાવક્ર ને ગુરુ બનાવ્યા. અષ્ટાવક્રએ કહ્યું, 'પહેલાં ગુરુદક્ષિણા આપો પછી આગળ જ્ઞાનની વાત.'

રાજા જનક બોલ્યા, 'આપ મારો આખો ખજાનો લઈ લો.'

અષ્ટાવક્ર એ કહ્યું, 'રાજન ! આ રાજકોષ તો પ્રજાનો છે, આપનો નથી.' રાજા જનકે કહ્યું, 'આપ મારું આ જનકપુરી રાજય લઈ લો.' અષ્ટાવક્ર એ કહ્યું, 'રાજય તો અનિત્ય છે છે અને અનિત્ય પર કોઈનો અધિકાર રહેતો નથી.' રાજા જનકે કહ્યું, 'આ મારું શરીર આપને સમર્પિત છે.' ત્યારે અષ્ટાવક્ર એ કહ્યું, 'શરીર તો મનને આધીન છે.' રાજા જનકે કહ્યું, 'આપ મારું મન લઈ લો.'

અષ્ટ્રાવક્ર રાજા જનક પાસે સંકલ્પ લેવડાવી તેની પાસેથી મન લઈ લીધું અને કહ્યું, 'હવે તમારા મનની એકેએક ગતિવિધિઓ પર મારો અધિકાર છે, તે મને સમર્પિત કરીને રાજકાર્યો કરવા.'

રાજા જનકે એક અઠવાડિયુ અષ્ટાવક્રની આજ્ઞાનું સંપૂર્ણ પાલન કર્યું ત્યારે તેમને અનુભવ થયો કે તેમની અંદર અનાસક્ત ભાવનું સિંચન થઈ રહ્યું છે. અષ્ટાવક્રની આ વિદ્યા તેમને આત્મજ્ઞાનના અધિકારી બનાવી ગઈ.

# હલકી કક્ષાની રાજનીતિ સામે કોંગ્રેસ લાચાર

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતમાં નવા મુખ્યમંત્રી અંગેની કશ્મકશ ચાલી રહી છે ત્યારે દિલ્હીમાં સંસદના શિયાળુ સત્રમાં કોંગ્રેસ ગુજરાતની ચૂંટણી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ વિરુદ્ધ કરેલાં વાંધાજનક વિધાનો સંદર્ભે હોબાળો મચાવ્યો છે. ગુલામનબી આઝાદે ઉપાડેલા પ્રશ્નને રાજયસભાના ચેરમેન અને ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ ફગાવી દીધો છે. તેઓ મોદી પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ઉપર લગાવેલા આરોપો બાબતે માફી માગે એવી માગણી કરતા હતા. વડાપ્રધાન મોદી પૂર્વ વડાપ્રધાનની માફી ન માગે તો કંઈ નહીં પણ એ વાત ગુજરાતની હારથી બચવા માટે કરેલી એટલું કબૂલે, એવી માગણી પણ થોડી મંજૂર થવાની છે ? લોકસભામાં પણ કોંગ્રેસના સભ્યો વેલમાં ધસી આવી આ જ મુદ્દે ઊહાપોહ કરતા રહ્યા હતા પણ સ્પીકરે ગૃહ બંધ રાખવાનો નિર્ણય કરી એમને અપેક્ષિત પ્રતિસાદ પાઠવ્યો નથી. પાકિસ્તાની ડેલિગેશન સાથે ચૂંટણીના દિવસોમાં જ મણિશંકર ઐયરના નિવાસસ્થાને બેઠક યોજાઈ હતી અને એમાં ડૉ. મનમોહનસિંહ ઉપરાંત ભારતીય સેનાના નિવૃત્ત જનરલ પણ હાજર હતા. ભારતીય જનતા પાર્ટી માટે પાકિસ્તાન અને પાકિસ્તાન માટે નરેન્દ્ર મોદી ચૂંટણી જીતવાના હાથવગા મુદ્દા બની રહ્યા છે. એક તરફ લોકસભામા પ્રચંડ બહુમતી મેળવ્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના શપથવિધિમાં પાક વડાપ્રધાન નવાઝ શરીફને હાજર રાખે છે; ઓંચિતા જ ખાડીના દેશોની યાત્રાએથી પાછા ફરતાં શરીફના નિવાસસ્થાને પહોંચી મૈત્રીનો આભાસ ઊભો કરી શકે છે; બીજી તરફ મનમોહનસિંહ અને મણિશંકર ઐયરે પાક ડેલિગેશન સાથે દિલ્હીમાં જ બે દેશો વચ્ચેના સૌહાર્દપૂર્ણ સંબંધો બાબતે ચર્ચા કરી, એમાં મોદી અને ભાજપ કાગારોળ મચાવે છે. ગુજરાતની ચૂંટણીમાં પાકિસ્તાનની મદદ લેવાઈ રહ્યાનો બેહૂદો આક્ષેપ કરે છે. 'સમરથ કો નહીં દોષ ગુસાઈ' વાળી તુલસીદાસ કથિત ઉક્તિ આજના રાજકારણમાં પણ કેટલી સાર્થક લાગે છે! ચીની પ્રિમિયરનો સાબરમતી રિવરફ્રંટ પર ઝૂલે ઝુલાવવામાં વાંધો નથી, પણ કોંગ્રેસી નેતા રાહુલ ગાંધી ચીની રાજદૂતને મળે એને વાંધાજનક માની ગુજરાતની ચૂંટણી ટાણે કોંગ્રેસ જાણે દેશવિરોધી કૃત્યો સાથે સંકળાયેલી હોય એવો જોરશોરથી પ્રચાર કરાય છે. જાણે દેશભક્તિનો ઈજારો એકલી ભારતીય જનતા પાર્ટી પાસે જ હોય એવો હલકી કક્ષાનો પ્રપંચ રચીને કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓને ગુજરાતની ભલીભોળી પ્રજાની આંખમાં હલકા પાડવાનો પ્રયાસ થતો રહ્યો અને કોંગ્રેસ એનો સરખો જવાબ સુધ્ધાં ન વાળી શકી. આ ભારતીય જનતા પાર્ટીની બેહદ શરમજનક કૂટનીતિ સામે એ જુગજૂની પાર્ટીએ કરી કરીને હોબાળો પણ કર્યો તો ફક્ત સંસદમાં. મોદી પાસે કહ્યાગરાં સ્પીકર અને કહ્યાગરા રાષ્ટ્રપતિ હોય ત્યારે કોંગ્રેસી સાંસદોનો અવાજ બહેરા કાને અથડાઈને શાંત પડી જાય તે સ્વાભાવિક છે. ઊલટાનો એમની સામે ગૃહ નહીં ચાલવા દેવાનો અને પ્રજાનાં નાણાં વેડફી નાખવાનો આરોપ જ થશે. કોંગ્રેસ પાસે ભારતીય જનતા પાર્ટીને એની જ ભાષામાં જવાબ આપવાની ક્ષમતા નથી. એ હજી એની બંધારણીય અને સંસ્કારી શૈલી મુજબ કરવા ખાતર વિરોધ કરીને ચૂપ થઈ જવામાં જ ઈતિશ્રી સમજે છે. ગુજરાતની વિધાનસભાની ચૂંટણી જીતવા માટે ભારતીય જનતા પાર્ટીની સર્વોચ્ચ બેલડીએ અહમદ પટેલનું નામ પણ ચર્ચામાં અને જાહેર સભાઓમાં ઘસડ્યું હતું. શું કોંગ્રેસ નથી જાણતી કે ભાજપનો છેલ્લો હુકમનો એક્કો આ મુસ્લિમ કાર્ડ જ છે ? હિંદુત્વના રખેવાળ તરીકેની ઈમેજ અકબંધ રાખી એ ૧૮૨ બેઠકે પૈકીની સમ ખાવા પૂરતી એક પણ બેઠક મુસલમાનને નથી ફાળવતી. એ અહમદ પટેલ મુખ્યમંત્રી બની જશે તો ગુજરાતમાં મુસલમાનોનું રાજ આવી જશે એવી બીક બતાવીને શહેરી મધ્યમવર્ગથી લઈ ગ્રામીણ હિંદુ પ્રજાને ડરાવી શકે છે. આ બધા ખેલ પ્રજાને યેનકેન પ્રકારેય પોતાના પક્ષમાં કરવા માટે કરાતા રહ્યા છતાં એને ધારી બેઠકો તો નથી જ મળી. કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે, એ સાચું પરંતુ કોંગ્રેસી આગેવાનો પાસે ભાજપને હંફાવવા માટેનું ટ્રમ્પ કાર્ડ જ કયાં છે ? એ તો મોદીને 'નીચ' કહીને ઊલટાની ભાજપની સત્તા કાયમ કરી આપે છે ! એના પર 'એક્સ્ટેન્શન'ની મહોર મારી આપે છે.

# શાસક અને સંત વચ્ચેનો તફાવત



રંગ-ઉમંગ
કાનન ઓઝા

એક મહાન સમ્રાટ મહામુનિને પોતાના મહેલમાં લઈ આવ્યા. મુનિ પરમ જ્ઞાની અને વીતરાગી હતા. એમને તો રાજા મહેલ અને વનવાસમાં કોઈ ભેદ ન હતો. મહેલમાં એમનો ઉપદેશ સાંભળવા શાહી પરિવાર, અધિકારીઓ અને આગેવાનોની ભીજ જામવા લાગી. સમ્રાટ ને જે સન્માન મળતું તેનાથી વધુ સંતને મળવા લાગ્યું. સમ્રાટ નો હુકમ જેમ પળાતો તેમ સંતને પડ્યો બોલ પણ ઝીલાતો !

એકવાર સમ્રાટે એકાંતમાં સંતને કહ્યું, 'ભગવાન ! હું જે મહેલમાં રહું છું તેમાં આપ પણ રહો છો. મને લોકો મહારાજ કહે છે. તો આપને પણ મહારાજ કહે છે.મારો આદેશ માનવામાં આવે છે. અને તમારો ઉપદેશ પણ માનવામાં આવે છે, તો પછી મારામાં અને તમારામાં તફાવત શું ?'

સંતે કહ્યું, 'રાજન ! તફાવત છે, પણ તે હું કાલે સવારના કહીશ. ચોક્કસ આવજો.'

સમ્રાટ તો ખૂબ જ ઉત્સુકતાને લીધે સવારમાં વહેલા આવ્યા. સંતે કહ્યું, તમે એકલા જ મારી સાથે, ચાલો. નગર બહાર હું તમને ભેદ બતાવીશ.'

સમ્રાટ અને સંત ચાલ્યા જાય છે. નગર પુરું થયું. વનમાં પ્રવેશ કર્યો, પણ સંત તો કશું બોલતા જ નથી... છેવટે સમ્રાટથી ન રહેવાયું. તેમણે કહ્યું, 'મહારાજ ! મારો રાજમહેલ,રાજધાની બધું જ પાછળ રહી ગયું છે, હું કયારે પાછો ફરીશ ? હવે તો કહો, આપણી વચ્ચે શું તફાવત છે ?'

મરક-મરક હસતા સંતે કહ્યું, 'બસ, આજ તફાવત છે. અમે સંતો જેને ત્યજીએ છીએ. ત્યાં પાછા ફરતા નથી. જયારે તમારે પાછા ફરવાનો મોહ હોય છે. તમને રાજમહેલ રોકે છે. અમને તે રોકી શકતો નથી.'

કબીરજી કહે છે કે : શુભ અને અશુભની એક હદ છે. માણસે બેહદમાં જવાનું છે. તો ભક્ત અખો કહે છે કે : 'અક્ષરો બાવન છે, તેની પેલી વાર, એટલે કે શબ્દ પર થઈને આનંદ મેળવવાનો છે પરંતુ ઘણું ભણેલો માણસ પણ આમ નથી કરતો જેની પાસે જે નથી, જે તેનો સ્વભાવ નથી, તેની પાસે તેની અપેક્ષા રાખવી તે મૂર્ખતા છે અને જેનો સ્વભાવ આનંદ છે. એવા આત્માનું વિસ્મરણ થવું તે પણ મૂર્ખતા છે.'

જડ પદાર્થ પાસે આનંદ નથી પણ આત્મામાં છે. માટે જડ તરફનું વલણ ફેરવી ને આત્મા તરફનું કરવું તેને 'વૈરાગ્ય' કહે છે.

લાખ રૂપિયાનું ઈનામ મળે તો માણસ ખુશ થાય છે. એ ખુશીને તે ભૂલથી આનંદ માને છે. પરંતુ ખુશી તો કોઈ નિમિત્તના કારણે આવે છે. એ ઉદ્દિપક નિમિત્ત છે, એ ભ્રાંતિ સર્જે છે, કેમ કે એ રીતે મળતી ખુશી પદાર્થમાંથી નહિ પણ માણસ પદાર્થ વાપરે નહિ તો પણ ખુશી મેળવી શકે. પણ એવું નથી બનતું. માટે પદાર્થ ક્ષણિક ખુશી નથી આપી શકતો તો તે શાશ્વત આનંદ કેવી રીતે આપી શકો ન જ આપી શકે પદાર્થનું વળગણ ન રાખો.

માણસ જન્મ્યો ત્યારે એક સૂતરનો તાંતણો પણ સાથે નહોતો લાવ્યો. અને જગતમાંથી જશે મૃત્યુ પામશે - ત્યારે પણ કશું સાથે લઈ જઈ શકશે નહિ. ત્યારે તો માણસ જે શરીરને લઈને આવ્યો હતો. તેણે પણ મૂકીને તેને જવું જ પડશે. અને તે નથી જાણતો એવી અજ્ઞાત સૃષ્ટિમાં પ્રયાણ કરવા પડશે.

# એશિયન વિકાસ બેન્કની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?

## આંતરરાષ્ટ્રીય સંગઠનો

૧ ઈન્ટરપોલનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) મિન્સક **(બ) લિયોન્સ**
(ક) જીનીવા (ડ) રોમ

૨ એશિયન વિકાસ બેન્કની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ૧૯૬૦ (બ) ૧૯૬૪
**(ક) ૧૯૬૬** (ડ) ૧૯૬૮

૩ ઓપેકની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
**(અ) ૧૯૬૦** (બ) ૧૯૬૫
(ક) ૧૯૭૦ (ડ) ૧૯૭૫

૪ ઓપેકનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) ટોકિયો (બ) જીનીવા
(ક) બ્રસેલ્સ **(ડ) વિયેના**

૫ રાસાયણિક હથિયાર (કેમિકલ વેપન્સ) નિષેધ સંગઠનનું મુખ્યાલય કયાં આવેલું છે ?
**(અ) હેગ** (બ) વોશિંગ્ટન
(ક) કાહિરા (ડ) પેરિસ

૬ સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતીના કાયમી સભ્ય દેશોમાંથી નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થયો નથી ?
(અ) અમેરિકા (બ) ઈંગ્લેન્ડ
(ક) જાપાન **(ડ) ભારત**

૭ બિમસ્ટેક સંગઠનમાં કુલ કેટલા દેશો છે ?
(અ) પાંચ **(બ) સાત**
(ક) નવ (ડ) અગિયાર

૮ બાંગ્લાદેશ, ભારત, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, નેપાળ અને નીચેનામાંથી કયા દેશનો સમાવેશ બિમસ્ટેક સંગઠનમાં થાય છે?
(અ) પાકિસ્તાન (બ) જાપાન
**(ક) ભૂતાન** (ડ) ચીન

૯ સંયુક્ત રાષ્ટ્ર વેપાર અને વિકાસ સંમેલનની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ૧૯૬૦ **(બ) ૧૯૬૪**
(ક) ૧૯૬૮ (ડ) ૧૯૭૦

૧૦ એપેક સંગઠનમાં કેટલા દેશો સભ્ય છે ?
(અ) ૧૫ (બ) ૧૯
**(ક) ૨૧** (ડ) ૨૮

૧૧ એશિયન ક્લીયરીંગ યુનિટનનું મુખ્યાલય કયાં આવેલ છે ?
**(અ) તહેરાન** (બ) અબુધાબી
(ક) દુબઈ (ડ) કરાંચી

૧૨ બેનેલેક્સમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?
(અ) બેલ્જિયમ (બ) નેધરલેન્ડ
(ક) લક્સમ્બર્ગ **(ડ) પોલેન્ડ**

૧૩ બેલેલક્ષનું મુખ્યાલય કયાં આવેલ છે ?
**(અ) બ્રસેલ** (બ) લક્ઝમબર્ગ સીટી
(ક) એમ્સ્ટર્ડ (ડ) લિવેન

૧૪ મર્કાસુરની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ૧૯૯૦ **(બ) ૧૯૯૫**
(ક) ૨૦૦૦ (ડ) ૨૦૦૫

૧૫ મર્કાસુર સંગઠનમાં સમાવિષ્ટ પાંચ દેશ પૈકી બ્રાઝિલ, પરાગ્વે, ઉરૂગ્વે, આર્જેન્ટા અને નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે?
(અ) વેટીકન (બ) ચીલી
**(ક) વેનેઝુએલા** (ડ) ઈટલી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૨૩ ડિસેમ્બર ૧૮૪૫ : રાસ બિહારી ઘોષ :** પ્રખર રાજનીતિજ્ઞ, કલકત્તાની પ્રેસીડેન્સી કૉલેજમાંથી એમ.એ. થયા. ઈંગ્લેન્ડ જઈ બેરિસ્ટર થયા. સાહિત્ય પ્રેમી. ૧૯૦૭ના સુરતના કોંગ્રેસના અધિવેશનના પ્રમુખ બન્યા. ૧૯૨૧માં અવસાન થયું.
- **૨૪ ડિસેમ્બર ૧૮૯૯ : સાને ગુરુજી :** સમાજ સુધારક અને સંવેદનશીલ સાહિત્યકાર, મહારાષ્ટ્રમાં જન્મ થયો. મૂળનામ પાડુરંગ શદાશિવ સૌન હતું. એમ. એ સુધીનો અભ્યાસ કરી શિક્ષક તરીકે જોડાયા. ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં જોડાયા. ૧૪ નવલકથા, વાર્તાસંગ્રહ, બાળકથા માળા જેવું સાહિત્ય સર્જન કર્યું. ૧૯૫૦માં અવસાન થયું.
- **૨૫ ડિસેમ્બર ૧૮૦૯ : દુર્ગારામ મંછારામ દવે :** સુરતમાં જન્મ થયો હતો. તેઓ નિષ્ઠાવાન શિક્ષક હતા. દોઢસો વર્ષ પહેલાં સમાજમાં પ્રવર્તતી કુરૂઢિઓ અને અંધશ્રદ્ધા દૂર કરવા મહત્ત્વનો ફાળો આપ્યો હતો. કવિ નર્મદના પણ તઓ શિક્ષક હતા.
- **૨૭ ડિસેમ્બર ૧૭૯૭ : મિર્ઝા ગાલિબ :** ઉર્દૂ કવિતાને અદ્ભૂત રંગ આપનાર જાણીતા શાયર. બચપણમાંથી જ શાયરીનો શોખ હતો. તેમની કવિતામાં તીખાશ અને વ્યંગ જોવા મળતો. ૧૮૦૦૦ જેટલા શેર રચ્યા. ૧૮૬૯માં તેમનું અવસાન થયું.
- **૨૮ ડિસેમ્બર ૧૯૩૨ : ધીરુભાઈ અંબાણી :** નામાંકન ઉદ્યોગપતિનો જન્મ. જૂનાગઢ જિલ્લાના માધવપુર મુકામે થયો હતો. ૧૭ વર્ષની વયે પેટ્રોલપંપ પર કારકુનની નોકરી કરી. મુંબઈમાં રિલાયન્સની સ્થાપના કરી મસાલા અને ચીજ વસ્તુઓની નિકાસ કરવા લાગ્યા. રિલાયન્સના નામે અનેક ઉદ્યોગો સ્થાપ્યા. ૧૯૦૨માં અવસાન થયું
- **૨૯ ડિસેમ્બર ૧૯૨૧ : રોબર્ટ ઈ.શૂરની :** અવકાશ સંશોધન ક્ષેત્રે કામગીરી કરી. જયોર્જિયાના ડબલીન શહેરમાં જન્મ થયો હતો. ૧૯૪૩માં અમેરિકામાં લશ્કરમાં જોડાયા. ત્રણ વર્ષ ડૉકટર તરીકે કામ કર્યું. ૧૯૬૨માં 'નાસા' ના સંશોધક ઈજનેર બન્યા. ૨૮ વર્ષ નાસામાં વિવિધ મિશન પર કામ કર્યું. શૂરનીને નાશા તરફથી ઘણા એવોર્ડ મળ્યા.
- **૩૦ ડિસેમ્બર ૧૮૭૯ : રમણ મહર્ષિ :** ભારતના ઉત્તમ કોટિના સંત. દિવ્ય પુરુષનો જય દક્ષિણ ભારતના મદુરામાં થયો હતો. અભ્યાસમાં મન ચોટતું ન હતું. ધ્યાનમાં બેસી રહેતા. તેમની વાણી હૃદયસ્પર્શી હતી. શંકરાચાર્યના 'વિવેક ચૂડામણી' નું તેમણે સરળ ભાષાંતર કર્યું. ૧૯૫૦માં અવસાન પામ્યા.

## ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કોંગ્રેસના કયા નેતાને વડાપ્રધાન માટે અયોગ્ય ટીપ્પણી કરવા બદલ પક્ષમાંથી હકાલપટ્ટી કરવામાં આવી છે?**

**જવાબ : મણીશંકર ઐયર**

## સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) દિનકરરાય માણેકલાલ જોષી : સે-૪એ
(૨) રોહન દિપકભાઈ ગોહેલ : સે-૨૫
(૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૪) પંકજ. આર પ્રજાપતિ : ઉવારસદ
(૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪
(૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૭) નટુભાઈ દરજી : પેથાપુર
(૮) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬



ખજાનો
અનિલ પટેલ


## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**હિમાચલ પ્રદેશમાં સી.એમ. પદના ભાજપના કયા દિગ્ગજ નેતા ચૂંટણી હારી ગયા ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# હિમાલય - દેવતાઓનો આત્મા !





અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

મહાકવિ કાલિદાસ (ઈ.પૂ. ૫૬) એ પોતાના મહાકાવ્ય 'કુમારસંભવ' ને પ્રારંભે (૧/૧ - ૧૮) હિમાલયનું વર્ણન કર્યું છે :

ઉત્તર દિશામાં પર્વતોમાં રાજાઓનો રાજા હિમાલય છે, દેવોને પ્રિય છે, દેવતાઓનો આત્મા છે. પૂર્વ અને પશ્ચિમના સમુદ્રને એવી રીતે છાઈ વળ્યો છે, જાણે પૃથ્વીનો માપદંડ હોય ! આ પૃથ્વીએ પણ તેને તેજસ્વી રત્નો અને મહાન વનસ્પતિઓની ભેટ આપી છે. આ રત્નોને કારણે હિમાલયનું સૌંદર્ય અપ્રતીમ છે. હિમ પણ આ સૌંદર્યનું ઝાંખુ કરી શકતો નથી.

એના શિખરો ઉપર સિંદુર વગેરે ધાતુઓ છે. એનો રંગ વાદળો ઉપર છવાય છે ત્યારે એવું લાગે કે જાણે અકાળે સંધ્યા ખીલી હોય ! એની તળેટીમાં ઘૂમતાં વાદળોની છાયા, નીચેના શિખરો પર પડે છે, આ શિખરો ઉપર સિદ્ધપુરુષોનાં ઠેકાણાં છે. એનાં ગાઢ અરણ્યમાં હાથી અને સિંહ દ્વંદ્વયુદ્ધે ચડી જાય; ત્યારે સિંહના લોંહિયાળ પગલાં, ઓચિંતી શરુ થતી હિમવર્ષાથી ધોવાઈ જાય છે. વિદ્યાધર કન્યાઓને પોતાના સ્નેહીજનને પત્ર લખવો હોય ત્યારે એ ભોજપત્ર ઉપર સિંદુરના રસથી અક્ષરો પાડે છે. ગંધર્વો ગાંધાર સ્વરમાં ગાન કરતા હોય છે. ત્યારે હિમાલયની ગુફામાંથી ઘૂમરાઈને બહાર આવતો પવન વાંસનાં છિંદ્રોમાંથી પસાર થાય છે. આ વાંસળી નાદ ગંધર્વોને સંગત પૂરી પાડે છે.

હાથીઓને લમણાંમાં ખંજવાળ આવે ત્યારે એ દેવદારનાં વૃક્ષ સાથે, એને ઘસે છે. આથી એની છાલમાંથી નિકળતા દૂધથી, બધાં શિખરો સુવાસિત થઈ જાય છે.

હિમાલયની મોટી ગુફાઓમાં વનેચરો રહે છે. આ ગુફાઓમાં સ્વયં પ્રકાશિત વનસ્પતિઓ છે. તે રાત્રે દીપકોની જેમ પ્રકાશ આપે છે. કિન્નરીઓ માર્ગ ઉપર ઝડપથી ચાલી શકતી નથી. કારણ કે માર્ગ પર બરફ જામી ગયો છે અને પગમાં એને કારણે કષ્ટ પડે છે.

જાણે કે સૂર્યથી ભય પામ્યો હોય, એમ અંધકાર ગુફાઓમાં ભરાયેલા રહે છે. હિમાલયનો રાજા છે, એને પામર વીંઝનારા જોઈએ. અહીં તો ચમરી જાતની હરિણીઓ જાતે જ ચાંદની જેવી ધવલ પૂંછ હવાલે છે. ગુફાઓનાં ઘરોમાં કિન્નરો પોતાની સુંદરી સાથે હોય, ત્યારે વાદળો ગુફાના દ્વારે લટકતા પડદા બની જાય છે. કિરાતોને અહીંનાં શીતળ પવનો ગમે છે. આ પવનમાં પડી રહેલા ગંગાપ્રવાહનો બિન્દુઓ ભળેલા છે. આ પવન દેવદારને હવાલે છે અને મયૂરપંખને વેરવિખેર કરે છે.

હિમાલયનાં ઊંચા શિખરો ઉપર સરોવરોમાં કમળો છે. સપ્તર્ષિઓ એને પ્રાપ્તઃકાળ પહેલાં ચૂંટી લે છે. પછી બાકી રહેલા કમળોને ઊગતા સૂર્યનાં કિરણો ખીલવે છે. ત્યારે સૂર્યકિરણો નીચેથી ઉપર જતાં હોય છે.

પ્રજાપતિ બ્રહ્માએ જાતે એને પર્વતોના રાજા તરીકે પ્રતિષ્ઠિત કર્યો છે. એનાં ત્રણ કારણો છે : સોમલતા વગેરે યજ્ઞનાં સાધનો ઉત્પજન કરે છે; એ પૃથ્વીને ધારણ કરવા સક્ષમ છે - ધરણીધર છે; એ દેવતાઓનો આત્મા છે, પરમ પવિત્ર છે, યજ્ઞોમાં ભાગ સ્વીકારે છે.

એ મેરુપર્વતનો પરમ મિત્ર છે. પિત્તૃઓની માનસ કન્યા મેના છે; એને મુનિઓ પણ માન આપે છે. એ પોતાને અનુરુપ છે, એમ જાણીને; એની સાથે આ હિમાલયે વિધિ પૂર્વક લગ્ન કરેલાં છે.

એક રીતે આ મહાકવિનું હિમાલય - દર્શન છે.